નં.જીઆઈડીસી/ ઓએન્ડએમ/સીઆઈઆર/કોસ્ટ/30
જીઆઈડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તાઃ ~~-૦૯-૨૦૧૮~~ ૨૫/૧૦/૨૦૧૮

## // પરિપત્ર //

નિગમની તારીખ:૨૧-૦૮-૨૦૧૮ ના રોજ મળેલ ૫૦૧ મી સભામાં, નિગમના તા.૨૩-૧૧-૧૯૭૮ ના પરિપત્ર મુજબ **બીનશહેરી વિસ્તારના ઔદ્યોગિક એકમોની** વિતરણ કિંમત નકકી કરવા બાબતે જમીન સંપાદનની કિંમત ઉપર વસુલ કરવામાં આવતાં **વ્યાજનો દર ૧૨% મુજબ લેવાનું નકકી કરવામાં આવે છે. જેનો સદર ઠરાવ થયા તારીખથી અમલમાં લેવાનો રહેશે. જે ધ્યાને લઈ,** અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં આવેલ શિણાવાડ ઔદ્યોગિક વસાહતની ( ૩૫-૩૫-૨૦ હેકટર) જમીનનો **ફાળવણી દર રૂ.૨૭૧૦/- પ્રતિ ચો.મી.દીઠ નકકી કરવામાં આવેછે.**

સદર વસાહતને **એમ.એસ.એમ.ઈ.યોજના હેઠળ સ્થાપવાનું નકકી કરેલ હોવાથી,** સ્ટેટ લેવલ એમ.પાવર કમિટિ ધ્વારા ગુજરાત સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ નં.એમઆઈએસ/૧૦૨૦૧૫/૪૩૦૯૦૬/ચ, તા.૧૦/૦૩/૨૦૧૫ માં સૂચવ્યા મુજબની શરતોને આધિન ઉદ્યોગકારોને ફાળવણી દરમાં ૫૦% સુધી મળનાર પ્રોત્સાહનનો લાભ આપવાનો રહેશે.

આ ઉપરાંત ભવિષ્યમાં ઉપસ્થિત થનાર લેન્ડ રેફરન્સ કેસોની નાણાંકીય જવાબદારીની રકમ તથા મહેસુલ ચાર્જની રકમ ફાળવણીદારો પાસેથી નિગમના નીતિ નિયમ મુજબ અલગથી વસૂલ કરવાની રહેશે. જેનો ફાળવણી પત્ર અને કરારખત / લીઝડીડમાં અચૂક ઉલ્લેખ કરવાનો રહેશે. નિગમના પ્રાદેશિક મેનેજરશ્રી ધ્વારા સંલગ્ન વિભાગના સંપર્કમાં રહી, સદર વસુલાત અંગેની સઘળી કાર્યવાહી કરવાની રહેશે, જે બીજો હુકમ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

સહી/-

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક,
જીઆઈડીસી,ગાંધીનગર.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ........

રવાના કર્યું.

મેનેજર(મહેકમ)